**અગ્રતાક્રમ :** **૧૫**

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
## તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ– ૧૫/૪/૨૩૩૬

## વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની
## તારીખ: ૨૬/૦૨/૨૦૨૪

## પંદરમી ગુજરાત વિધાનસભા: ચોથું સત્ર

**પ્રશ્નનુ શિર્ષક :**

**છોટાઉદેપુર જિલ્લામાં નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના.**

**પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રી અને તેમનો મત વિસ્તાર:**

**શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર)**

# **અનુક્રમણિકા**

| **ક્રમ** | **પ્રશ્નો** | **જવાબ પાના નંબર** |
|---|---|---|
| ૧ | **પ્રશ્ન** | **4** |
| ૨ | **પ્રશ્નનો જવાબ** | **4** |
| ૩.૧ | **પૂરક પ્રશ્ન.૧ ધારાસભ્યશ્રી – શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટા ઉદેપુર)**<br>નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ છોટાઉદેપુર જીલ્લામાં ચાલુ નાણાકીય વર્ષ સહીત છેલ્લા પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવામાં આવી ? | 5 |
| ૩.૨ | **પૂરક પ્રશ્ન.૨ ધારાસભ્યશ્રી –**<br>નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી જોગવાઈ કરવામાં આવી ? અને તેની સામે કેટલો ખર્ચ થયો ? | 6 |
| ૩.૩ | **પૂરક પ્રશ્ન.૩ ધારાસભ્યશ્રી –**<br>નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલો ભૌતિક લક્ષ્યાંક હતો? અને તેની સામે સિદ્ધિ કેટલી થઇ ? | 7 |
| ૪.૧ | **પૂરક માહિતી**<br>નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવામાં આવી ? | 8 |
| ૪.૨ | **પૂરક માહિતી**<br>નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કેટલી સહાય ચુકવવામાં આવે છે? અને સહાયના ધોરણોમાં છેલ્લે કયારે વધારો કરવામાં આવેલ ? | 9 |
| ૪.૩ | **પૂરક માહિતી**<br>તા:૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લામાં તાલુકાવાર નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કેટલા વૃધ્ધોને સહાય ચુકવવામાં આવે છે ? | 10 |

તારાંકિત પ્રશ્ન	ક્રમાંકઃ પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/2336

વિષયઃ

છોટાઉદેપુર જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના બાબત

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 28/01/2024 | તારીખ 20/02/2024 | 06/02/2024 |

*15/4/2336 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા(છોટાઉદેપુર)

સામાજિક ન્યાય અને અધિકારિતા જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ કેટલા વૃદ્ધોને સહાય ચૂકવવામાં આવે છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા વૃધ્ધોને તેઓની અરજી મંજૂર થયા બાદ ઉક્ત સહાય ચૂકવવામાં આવેલ નથી,

(૩) ઉક્ત બાકી રહેલ લાભાર્થીઓને ઉક્ત સહાય ક્યારે ચૂકવવામાં આવશે?

----

# 15

**છોટા ઉદેપુર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય બાબત**

*15/4/2336 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ કેટલા વૃધ્ધોને સહાય ચૂકવવામાં આવે છે? | (૧) | (see table below) |

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ સહાય ચુકવવામાં આવેલ લાભાર્થીઓ** |
|---|---|---|
| **૧** | **સંખેડા** | **૭૭૨** |
| **૨** | **કવાંટ** | **૮૦** |
| **૩** | **બોડેલી** | **૧૦૨૦** |
| **૪** | **છોટાઉદેપુર** | **૧૯૦** |
| **૫** | **નસવાડી** | **૨૧૪** |
| **૬** | **જેતપુર પાવી** | **૨૯૩** |
| **કુલ** | | **૨૫૬૯** |

| | | | |
|---|---|---|---|
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા વૃધ્ધોને તેઓની અરજી મંજુર થયા બાદ ઉક્ત સહાય ચૂકવવામાં આવેલ નથી, | (૨) | માહિતી શૂન્ય છે. |
| (૩) | ઉક્ત બાકી રહેલ લાભાર્થીઓને ઉક્ત સહાય ક્યારે ચૂકવવામાં આવશે? | (૩) | ખંડ–૨ ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી . |

------------------

**અગ્રતાક્રમ–૧૫ પૂરક પ્રશ્ન.૧**

**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા (છોટા ઉદેપુર)**

**પૂરક પ્રશ્ન–૧** **નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ છોટાઉદેપુર જીલ્લામાં ચાલુ નાણાકીય વર્ષ સહીત છેલ્લા પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવામાં આવી?**

**જવાબ :– માન.અધ્યક્ષશ્રી,**

નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૨,૫૬૯ લાભાર્થીઓને રૂપિયા ૧૧૯૦.૭૭ લાખ ની સહાય ચુકવવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા | ચુકવેલ સહાયની રકમ (રૂ. લાખમાં ) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯–૨૦ | ૨,૨૬૨ | ૨૦૯.૩૭ |
| ૨ | ૨૦૨૦–૨૧ | ૨,૩૪૦ | ૨૧૬.૪૭ |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૨,૩૫૫ | ૨૧૫.૯૬ |
| ૪ | ૨૦૨૨–૨૩ | ૨,૪૫૯ | ૨૯૬.૬૮ |
| ૫ | ૨૦૨૩–૨૪ (ડીસેમ્બર–૨૦૨૩ અંતિત) | ૨,૫૬૯ | ૨૫૨.૨૯ |
| **કુલ (રૂપિયા અગિયાર કરોડ નેવું લાખ સત્યોત્તેર હજાર)** | | | **૧૧૯૦.૭૭** |

## અગ્રતાક્રમ–૧૫ પૂરક પ્રશ્ન. ૨

**પુછનાર ધારાસભ્યશ્રી :**

**પૂરક પ્રશ્ન–૨** **નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી જોગવાઈ કરવામાં આવી ? અને તેની સામે કેટલો ખર્ચ થયો?**

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

| વર્ષ | નાણાકીય જોગવાઈ (રૂ.લાખમાં) | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | નાણાકીય સિદ્ધિની ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૨૦–૨૧ | ૧૧,૨૦૦.૮૩ | ૧૧,૬૧૦.૪૭ | ૧૦૩.૬૬ % |
| ૨૦૨૧–૨૨ | ૧૨,૧૫૯.૫૫ | ૧૨,૧૧૮.૯૦ | ૯૯.૬૭ % |
| ૨૦૨૨–૨૩ | ૧૨,૪૬૫.૦૦ | ૧૭,૭૭૬.૬૩ | ૧૪૨.૬૧ % |

## અગ્રતાક્રમ-૧૫ પૂરક પ્રશ્ન-૩

**પુછનાર ધારાસભ્યશ્રી:**

**પૂરક પ્રશ્ન-૩** નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલો ભૌતિક લક્ષ્યાંક હતો? અને તેની સામે કેટલી સિદ્ધિ થઇ ?

**જવાબ: માન.અદ્યક્ષશ્રી,**

| વર્ષ | ભૌતિક લક્ષ્યાંક | ભૌતિક સિદ્ધિ | ભૌતિક સિદ્ધિની ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧,૩૦,૦૦૦ | ૧,૨૩,૧૧૩ | ૯૪.૭૦ % |
| ૨૦૨૧-૨૨ | ૧,૩૦,૦૦૦ | ૧,૨૯,૯૩૨ | ૯૯.૯૫ % |
| ૨૦૨૨-૨૩ | ૧,૩૫,૦૦૦ | ૧,૪૮,૮૧૭ | ૧૧૦.૨૩ % |

## અગ્રતાક્રમ–૧૫ પૂરક માહિતી ૪.૧

**નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવામાં આવી ?**

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧,૪૮,૮૧૭ લાભાર્થીઓને રૂપિયા ૫૭,૨૨૪.૧૭ લાખ ની સહાય ચુકવવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા | ચુકવેલ સહાયની રકમ (રૂ. લાખમાં ) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૮૭,૩૯૬ | ૫,૨૩૯.૨૦ |
| ૨ | ૨૦૧૯–૨૦ | ૧,૧૧,૭૧૯ | ૧૦,૪૭૮.૯૭ |
| ૩ | ૨૦૨૦–૨૧ | ૧,૨૩,૧૧૩ | ૧૧,૬૧૦.૪૭ |
| ૪ | ૨૦૨૧–૨૨ | ૧,૨૯,૯૩૨ | ૧૨,૧૧૮.૯૦ |
| ૫ | ૨૦૨૨–૨૩ | ૧,૪૮,૮૧૭ | ૧૭,૭૭૬.૬૩ |
| **કુલ (રૂપિયા પાંચસો બોંતેર કરોડ ચોવીસ લાખ સત્તર હજાર)** | | | **૫૭,૨૨૪.૧૭** |

## અગ્રતાક્રમ–૧૫ પૂરક માહિતી ૪.૨

**નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કેટલી સહાય ચુકવવામાં આવે છે? અને સહાયના ધોરણોમાં છેલ્લે કયારે વધારો કરવામાં આવેલ ?**

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

**સહાયનું ધોરણ**

| વિગત | ઉંમર | દર માસે ચુકવાતી સહાય |
|---|---|---|
| નિરાધાર દિવ્યાંગ લાભાર્થી | ૪૫ વર્ષ થી ૭૯ વર્ષ | રૂ. ૧૦૦૦/– |
| નિરાધાર દિવ્યાંગ લાભાર્થી | ૮૦ વર્ષ કે તેથી વધુ | રૂ. ૧૨૫૦/– |
| નિરાધાર વૃદ્ધ લાભાર્થી | ૬૦ વર્ષ થી ૭૯ વર્ષ | રૂ. ૧૦૦૦/– |
| નિરાધાર વૃદ્ધ લાભાર્થી | ૮૦ વર્ષ કે તેથી વધુ | રૂ. ૧૨૫૦/– |

**સહાયના ધોરણમાં છેલ્લે કરેલ વધારો**

- તા:૧૬/૦૩/૨૦૨૨ ના ઠરાવથી આ યોજનામાં ૪૫ થી ૭૯ વર્ષના નિરાધાર દિવ્યાંગ લાભાર્થી અને ૬૦ થી ૭૯ વર્ષનાં નિરાધાર વૃદ્ધ લાભાર્થીની સહાયની રકમમાં રૂ.૭૫૦/– થી વધારી રૂ.૧૦૦૦/– કરવામાં આવેલ, જયારે ૮૦ વર્ષ કે તેથી થી વધુ વય ધરાવતા નિરાધાર વૃદ્ધો તથા દિવ્યાંગ લાભાર્થીઓની સહાયનાં દરમાં રૂ.૧૦૦૦/–થી વધારી રૂ.૧૨૫૦/– કરવામાં આવેલ છે.

**અગ્રતાક્રમ–૧૫ પૂરક માહિતી ૪.૩**

**તા:૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લામાં તાલુકાવાર નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કેટલા વૃધ્ધોને સહાય ચુકવવામાં આવે છે?**

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

| ક્રમ | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય |
|---|---|---|---|
| ૧ | સંખેડા | ૭૭૨ | ૭૬.૧૦ લાખ |
| ૨ | કવાંટ | ૮૦ | ૭.૬૬ લાખ |
| ૩ | બોડેલી | ૧૦૨૦ | ૧૦૨.૫૮ લાખ |
| ૪ | છોટાઉદેપુર | ૧૯૦ | ૧૭.૯૩ લાખ |
| ૫ | નસવાડી | ૨૧૪ | ૨૦.૪૧ લાખ |
| ૬ | જેતપુર પાવી | ૨૯૩ | ૨૭.૬૨ લાખ |
| **કુલ** | | **૨૫૬૯** | **૨૫૨.૨૯ લાખ** |

- ૪૫ થી ૭૯ વર્ષના નિરાધાર દિવ્યાંગ લાભાર્થી માસિક રૂ.૧૦૦૦ /–
- ૬૦ થી ૭૯ વર્ષના નિરાધાર દિવ્યાંગ લાભાર્થી માસિક રૂ.૧૦૦૦ /–
- ૮૦ વર્ષ કે તેથી વધુ વયના તમામ લાભાર્થીને માસિક રૂ.૧૨૫૦/– ની સહાય D.B.T મારફત ચુકવવામાં આવે છે.

## આ યોજનાની હાલની વિગતો:

રાજ્ય સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક બીએમએ–૧૦૭૮–૨૦૧૬૮–છ,તા.૧૩–૪–૧૯૭૮થી વૃધ્ધો અને અપંગ નિરાધારોના નિભાવ માટે આ યોજના રાજ્યમાં ૧–૪–૧૯૭૮થી અમલમાં મુકવામાં આવેલ.

## આ યોજનાનો હેતુ:

- આ યોજનાના લક્ષ્ય સ્થાને નિરાધાર વૃધ્ધો અને નિરાધાર દિવ્યાંગો છે, નિરાધાર હોય તેવા વૃધ્ધોને અને દિવ્યાંગોને પેન્શનના રૂપે નાણાંકીય સહાય ઉપલબ્ધ કરવા માટે અમલમાં મુકવામાં આવેલ.

## આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા.

- અરજદારની ઉંમર ૬૦ વર્ષ થી વધુ હોવી જોઈએ .
- દિવ્યાંગ અરજદારના કિસ્સામાં ઉંમર ૪૫ વર્ષ થી વધુ હોવી જોઈએ અને દિવ્યાંગતાની ટકાવારી ૭૫ ટકાથી વધુ હોવી જોઈએ.
- અરજદારની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/–થી વધુ ન હોવી જોઈએ.
- અરજદારને ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર ન હોવો જોઈએ.
- અરજદારને પુખ્ત વયનો પુત્ર જો શારીરિક દિવ્યાંગતા અથવા માનસિક અસ્થિરતા ધરાવતો કે કેન્સર, ટી.બી જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય અને કમાવવા અશકત હોય તેવા વૃધ્ધો અરજી કરવાપાત્ર છે.
- અરજદાર છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત રાજયમાં વસવાટ કરતો હોવો જોઈએ.

## આ યોજના હેઠળ મળવાપાત્ર સહાય

- આ યોજના હેઠળ ૬૦ વર્ષથી ૭૯ વર્ષની વય સુધીના લાભાર્થીઓને રૂ.૧૦૦૦ –/અને ૮૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા લાભાર્થીઓને રૂા.૧૨૫૦–/ની સહાય દર માસે આપવામાં આવે છે.
- આ સહાય પતિ અને પત્ની ૬૦ વર્ષથી વધુ ઉંમરના હોય તો બન્નેને મળવાપાત્ર છે

## આ યોજનાનાં અરજી પત્રક

- ડીજીટલ ગુજરાત પોર્ટલ પરથી ગ્રામ પંચાયત, તાલુકા મામલતદાર કચેરી, પ્રાંત કચેરી અને કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્રો પરથી મળે છે.
- આ યોજના હેઠળ અરજી પત્રક મંજૂર કરવાની સત્તા તાલુકા મામલતદારશ્રીને છે.
- જો અરજી મામલતદારશ્રી દ્વારા નામંજુર કરવામાં આવે તો અરજદાર પ્રાંત અધિકારીશ્રીને અપીલ કરી શકે છે.

## સહાય કેવી રીતે આપવામાં આવે છે.

- આ યોજના હેઠળ લાભાર્થીને માસિક સહાય લાભાર્થીના બેંક /પોસ્ટ એકાઉન્ટમાં DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) મારફતે રાજય કક્ષાએથી જમા કરવામાં આવે છે.

## યોજનાની શરૂઆત થી અત્યાર સુધીની વિગતો

| ક્રમ | વર્ષ | ઠરાવની તારીખ | ઠરાવની મુખ્ય વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૯૭૮ | ૨૫/૦૯/૧૯૭૮ | • વૃધ્ધો અને દિવ્યાંગોના નિભાવ માટે આ યોજના રાજ્યમાં ૧–૪–૧૯૭૮થી અમલમાં મુકવામાં આવેલ. |
| ૨ | ૧૯૭૯ | ૧૫/૦૯/૧૯૭૯ | • સહાય મેળવવાની નિરાધાર પુરૂષની વયમર્યાદા ૬૫ વર્ષથી કે તેથી ઉપરની ઉંમરના નિરાધાર પુરૂષને મળવાપાત્ર હતી. તેમા ફેરફાર કરીને આ વય ૬૦ કે તેથી ઉપરની ઉંમરના પુરૂષને સહાય મળવાપાત્ર થશે. |
| ૩ | ૧૯૮૧ | ૧૬/૦૪/૧૯૮૧ | • રાજય સરકારે નિરાધાર દિવ્યાંગ વ્યકિતને મળતી માસિક રૂ.૩૦/–ની સહાયમાં રૂ.૧૫/– નો વધારો કરી સહાયની રકમ રૂ ૪૫/– કરવામાં આવેલ |
| ૪ | ૧૯૮૬ | ૦૧/૦૪/૧૯૮૬ | • નિરાધાર વૃધ્ધોને માસિક રૂ. ૩૦/– અને નિરાધાર અપંગ વ્યકિતને માસિક રૂ. ૪૫/–ની સહાયની રકમમાં વધારો કરી તા. ૦૧/૦૪/૮૬થી સમાન ધોરણોએ માસિક રૂ. ૬૦/– ના દરથી નાણાકિય સહાય ચુકવવાનું ઠરાવેલ. |
| ૫ | ૧૯૮૯ | ૨૯/૧૨/૧૯૮૯ | • આ યોજનાની માસિક રૂ. ૬૦/ની સહાયમાં વધારો કરી માસિક રૂ.૧૨૦/–ના દરથી સહાય ચુકવાનું ઠરાવેલ<br>• આવકનું ધોરણ વ્યકિતગત વાર્ષિક આવક રૂ.૩૦૦/– થી સુધારો કરી રૂ.૬૦૦/– અને કુટુંબની વાર્ષિક આવક ૧૨૦૦/–માં સુધારો કરી વ્યકિતગત વાર્ષિક આવક રૂ.૨૪૦૦/– કરવાનું ઠરાવેલ |
| ૬ | ૧૯૯૧ | ૦૯/૦૭/૧૯૯૧ | • આવક મર્યાદાનું ધોરણ વ્યકિતગત વાર્ષિક આવક રૂ. ૬૦૦/– થી વધારીને વાર્ષિક આવક રૂ.૨૪૦૦/– તથા કૌટુંબિક વાર્ષિક આવક રૂ. ૨૪૦૦/– થી વધારીને ૪૫૦૦/–કરવાનું ઠરાવેલ. |

| ક્રમ | વર્ષ | ઠરાવની તારીખ | ઠરાવની મુખ્ય વિગત |
|---|---|---|---|
| ૭ | ૧૯૯૫ | ૦૧/૦૭/૧૯૯૫ | • આ યોજનામાં માસિક રૂ.૧૨૦/- માં વધારો કરી માસિક રૂ.૨૦૦/– કરવાનું ઠરાવેલ. અને સુધારેલા દરનો અમલ તા.૧–૭–૧૯૯૫થી અમલ કરવાનું ઠરાવેલ. |
| ૮ | ૨૦૧૩ | ૦૧/૦૩/૨૦૧૩ | • આ યોજનામાં રાજય સરકાર દ્વારા વ્યકિતગત વાર્ષિક આવક રૂ.૨૪૦૦/– તથા કૌટુંબિક વાર્ષિક આવક રૂ.૪૫૦૦/–ની મર્યાદામાં સુધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ. ૨૭૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂ.૩૬,૦૦૦/– વાર્ષિક આવક ઠરાવવામાં આવેલ છે |
| ૯ | ૨૦૧૪ | ૩૧/૦૭/૨૦૧૪ | • આ યોજનામાં માસિક સહાયનો દર રૂ. ૨૦૦/– થી વધારી રૂ. ૪૦૦/– કરવામાં આવેલ |
| ૧૦ | ૨૦૧૪ | ૦૭/૦૮/૨૦૧૪ | • આ યોજનામાં આવક મર્યાદાનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ.૨૭,૦૦૦/– થી વધારી વાર્ષિક આવક રૂ.૪૭,૦૦૦/– અને શહેરી વિસ્તાર વાર્ષિક આવક રૂ.૩૬,૦૦૦/– થી વધારી વાર્ષિક આવક રૂ.૬૮,૦૦૦/–કરવામાં આવેલ. |
| ૧૧ | ૨૦૧૭ | ૦૧/૦૪/૨૦૧૭ | • આ યોજનામાં માસિક સહાય રૂ. ૪૦૦/–થી વધારીને માસિક રૂ.૫૦૦/– કરવાનું ઠરાવેલ. |
| ૧૨ | ૨૦૧૭ | ૨૪/૧૦/૨૦૧૭ | • આવક મર્યાદાનું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક રૂ.૪૭,૦૦૦/– હજાર કે ઓછી અને શહેરી વિસ્તાર માટે વાર્ષિક રૂ.૬૮,૦૦૦/– હતી.જેમાં સુધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ.૧,૨૦,૦૦૦/– |

| ક્રમ | વર્ષ | ઠરાવની તારીખ | ઠરાવની મુખ્ય વિગત |
|---|---|---|---|
| | | | અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/–ની આવક મર્યાદા ઠરાવવામાં આવેલ |
| ૧૩ | ૨૦૧૯ | ૦૮/૦૩૨૦૧૯/ | • આ યોજનામાં માસિક રૂ.૫૦૦/– થી વધારીને રૂ. ૭૫૦/– કરવાનું ઠરાવેલ. |
| ૧૪ | ૨૦૨૦ | ૧૩૨૦૨૦/૦૭/ | • નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનામાં ૭૫ કે તેથી વધુ ઉંમરના લાભાર્થીઓને માસિક સહાય ૭૫૦/– થી વધારી રૂ.૧૦૦૦/– કરવાનું ઠરાવેલ |
| ૧૫ | ૨૦૨૨ | ૧૬/૦૩/૨૦૨૨ | • ૬૦ થી ૭૯ વર્ષનાં લાભાર્થી ની સહાયની રકમમાં રૂ.૭૫૦/– માં વધારો કરી રૂ.૧૦૦૦/– કરવામાં આવેલ<br>• ૮૦ વર્ષ કે તેથી થી વધુ વય ધરાવતા લાભાર્થીઓની સહાયનાં દરમાં રૂ.૧૦૦૦/–થી વધારી રૂ.૧૨૫૦/– કરવામાં આવેલ |

## આ યોજના હેઠળ સહાયનાં દરમાં  ક્યારે ક્યારે વધારો કરવામાં આવેલ ?

| ક્રમ | સુધારો થયાની તારીખ | સહાયનાં ધોરણોમાં સુધારાની વિગત |
|---|---|---|
| ૧ | ૦૧/૦૪/૧૯૭૮ | • વ્યકિત દિઠ ૩૦/–પતિ પત્ની હોય તો રૂ. ૫૦/– |
| ૨ | ૧૬/૦૪/૧૯૮૧ | • સરકારે નિરાધાર અપંગ વ્યકિતને માસિક રૂ.૩૦/–ની સહાયમાં રૂ.૧૫/– નો વધારો કરી સહાયની રકમ રૂ.૪૫/– કરવામાં આવેલ |
| ૩ | ૦૧/૦૪/૧૯૮૬ | • સહાયની રકમમાં રૂ.૩૦/– અને રૂ.૪૫/– માં વધારી કરી રૂ.૬૦/– કરવામાં આવેલ |
| ૪ | ૨૯/૧૨/૧૯૮૯ | • સહાયની રકમમાંરૂ.૬૦/–માં વધારો રૂ.૧૨૦/– કરવામાં આવેલ |
| ૫ | ૦૧/૦૭/૧૯૯૫ | • સહાયની રકમમાં રૂ.૧૨૦માં વધારો કરી રૂ.૨૦૦/– કરવામાં આવેલ |
| ૬ | ૩૧/૦૭/૨૦૧૪ | • સહાયની રકમમાં રૂ.૨૦૦/– માં વધારો કરી રૂ.૪૦૦/– કરવામાં આવેલ |
| ૭ | ૦૧/૦૪/૨૦૧૭ | • સહાયની રકમમાં રૂ.૪૦૦/– માં વધારો કરી રૂ.૫૦૦/– કરવામાં આવેલ |
| ૮ | ૦૮/૦૩/૨૦૧૯ | • સહાયની રકમમાં રૂ.૫૦૦/– માં વધારો કરી રૂ.૭૫૦/– કરવામાં આવેલ |
| ૯ | ૧૩૨૦૨૦/૦૭/ | • નિરાધાર વૃધ્ધ પેન્શન યોજનામાં ૭૫ કે તેથી વધુ ઉંમરના લાભાર્થીઓને માસિક સહાય ૭૫૦/– થી વધારી રૂ.૧૦૦૦/– કરવાનું ઠરાવેલ. |
| ૧૦ | ૧૬/૦૩/૨૦૨૨ | • ૬૦ થી ૭૯ વર્ષનાં લાભાર્થી ની સહાયની રકમમાં રૂ.૭૫૦/– માં વધારો કરી રૂ.૧૦૦૦/– કરવામાં આવેલ<br>• ૮૦ વર્ષ કે તેથી થી વધુ વય ધરાવતા લાભાર્થીઓની સહાયનાં દરમાં રૂ.૧૦૦૦/–થી વધારી રૂ.૧૨૫૦/– કરવામાં આવેલ. |

## આ યોજનાની પાત્રતાનાં ધોરણોમાં ક્યારે ક્યારે સુધારો કરવામાં આવ્યો ?

- **તા.૧૫/૦૯/૧૯૭૯ નાં ઠરાવથી** સહાય મેળવવાની નિરાધાર પુરૂષની વયમર્યાદા ૬૫ વર્ષથી કે તેથી ઉપરની ઉંમરના નિરાધાર પુરૂષને મળવાપાત્ર હતી. તેમાં ફેરફાર કરીને આ વય ૬૦ કે તેથી ઉપરની ઉંમરના પુરૂષને સહાય મળવાપાત્ર થશે તેમ ઠરાવેલ.
- **તા.૨૯/૧૨/૧૯૮૯ નાં ઠરાવથી** આવકનું ધોરણ વ્યકિતગત વાર્ષિક આવક રૂ.૩૦૦/– થી સુધારો કરી રૂ.૬૦૦/– અને કુટુંબની વાર્ષિક આવક ૧૨૦૦/–માં સુધારો કરી વ્યકિતગત વાર્ષિક આવક રૂ.૨૪૦૦/– કરવાનું ઠરાવેલ.
- **તા.૯/૭/૧૯૯૧ નાં ઠરાવથી** આવક મર્યાદા નું ધોરણ વ્યકિતગત વાર્ષિક આવક રૂ.૬૦૦/– થી વધારીને વાર્ષિક આવક રૂ.૨૪૦૦/– તથા કૌટુંબિક વાર્ષિક આવક રૂ. ૨૪૦૦/– થી વધારીને ૪૫૦૦/– કરવાનું ઠરાવેલ.
- **તા.૦૧/૦૩/૨૦૧૩ નાં ઠરાવથી** આવક મર્યાદા નું ધોરણ વ્યકિતગત વાર્ષિક આવક રૂ.૨૪૦૦/– થી વધારીને વાર્ષિક આવક રૂ.૨૪૦૦/– ની મર્યાદામાં સુધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ. ૨૭૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂ. ૩૬૦૦૦/– વાર્ષિક આવક કરવામાં આવેલ.
- **તા.૦૭/૦૮/૨૦૧૪ નાં ઠરાવથી** આ યોજનામાં આવક મર્યાદા નું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ. ૨૭૦૦૦/– થી વધારી વાર્ષિક આવક રૂ ૪૭૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂ. ૩૬૦૦૦/– થી વધારી રૂ. ૬૮૦૦૦/–વાર્ષિક આવક કરવામાં આવેલ.
- **તા.૨૪/૧૦/૨૦૧૭ નાં ઠરાવથી** આ યોજનામાં આવક મર્યાદા નું ધોરણ ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક રૂ. ૪૭૦૦૦/– થી વધારી વાર્ષિક આવક રૂ ૧,૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂ. ૬૮૦૦૦/– થી વધારી રૂ. ૧,૫૦,૦૦૦/–વાર્ષિક આવક કરવામાં આવેલ.